જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત
ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નં.જિનાનિ/વિ.જા/જાતિ પ્રમાણપત્ર/૨૦૨૨-૨૩/૭૯૮ તા. ૨૭/૦૭/૨૦૨૨

ડિજિટલ ગુજરાત પોર્ટલ

સમયમર્યાદા / તાત્કાલિક

-: પરીપત્ર :-

વિષય:- Digital Gujarat Portal પરસરસ્વતિ સાધના યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૨-૨૩)(Website: https://www.digitalgujarat.gov.in)

સંદર્ભ: માનનીય નિયામકશ્રી વિ.જા ગાંધીનગરના પત્ર ક્રમાંક : વિજાક/શિક્ષણ/ ૨૦૨૨-૨૩/ ૬૦૪ થી ૬૩૬ તા. ૨૧/૦૭/૨૦૨૨

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુંકેતા. સરસ્વતી સાધના યોજના હાલ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર શરૂ કરવામાં આવેલ છે, જેથી , શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં સરસ્વતી સાધના યોજ્ના અંતર્ગત ધોરણ -૯ ની કન્યાઓને ઓનલાઈન દરખાસ્ત કરવાની કાર્યવાહી કરવા તમામ સરકારી અને ગ્રાંટ ઈન એઈડ માધ્યમિક શાળાના આચાર્યને સૂચના આપવામાં આવે છે કે, વર્ષ ૨૦૨૨-૨૩માં આ યોજનાની દરખાસ્તો માસવાર કરેલ આયોજન મુજબ સમય મર્યાદામાં પુર્ણ કરવા જણાવવામાં આવે છે.

સરસ્વતી સાધના યોજના S.E.B.C.,E.B.C.ના કન્યાઓની (સાયકલ સહાય) અંતર્ગતધો:૯ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની/જાતિ પુરવાર કરતા કોઇ એક બોનોફાઇડ અથવા આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલબની ગયા બાદ "Cycle Scheme"મેનુમાં જઇ " Director Developing Caste Welfare"ઓપ્શનમાં જઇ " Proposal Cycle Detail" પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે.જાતિ અને આવકના દાખલા અપલોડ કર્યા બાદ જ Cycleની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સમયમર્યાદા તા. ૩૧/૦૮/૨૦૨૨ સુધીમા ઓનલાઇન સેન્ડ કરી કરવા વિનંતી છે.

કેટલીક શાળાઓ વિધાર્થીનો જાતિનો પુરાવો અને પિતા/વાલીનો આવકનો પુરાવો અપલોડ કર્યા વગર દરખાસ્ત મોકલી આપે છે, જેને કારણે કામગીરી સમયમર્યાદામા પૂર્ણ થતી નથી અને ડોકયુમેન્ટ અપલોડ ન થવાથી વિલંબ થાય છે,તો ડોકયુમેન્ટ અપલોડ કરીને જ દરખાસ્ત મોકલી આપવા તાકીદ કરવામા આવે છે, જો કોઇ કન્યાની દરખાસ્ત બાકી રહે અને ફરીયાદ થાય તો જે તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

(સરસ્વતી સાધના યોજનામાં આચાર્યશ્રી દ્વારા S.E.B.C., E.B.C. કન્યાઓની જે સાયકલની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ કરવામાં આવે, તે મંજુર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબધિત ધો:૯ની કન્યાઓને

સાયકલ મળેથી વિતરણ કરવાની રહેશે. કન્યાઓને સાયકલ વિતરણ કર્યા બાદ સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઇ જાય અને સાયકલોનુ વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો "Cycle Scheme" મેનુમાં જઇ "Director Developing Caste Welfare"માં જઇ "Update Cycle Detail" ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતોનુ નિરીક્ષણ રાજ્ય કક્ષાએ પોર્ટલ પર કરવામા આવે છે, જે વિતરણ ની વિગતો અપડેટ ન કરવાથી પેન્ડીંગ દેખાય છે તો સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ કયારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવા જણાવવામા આવે છે.

સાયકલ લેવા આવો ત્યારે સામેલ નમુનામા સાયકલ મળ્યાની બદલની પંહોચ ચેસીસ નંબર દર્શાવ્યા વગર તૈયાર કરી સાયકલ વિતરણના સ્થળે લઇને જવાથી સાયકલ આપવામા આવશે જે ધ્યાને લઇ કાર્યવાહી કરવા જણાવવામા આવે છે.

સહકારની અપેક્ષા સહ

(આર.ડી.બલદાણિયા)
જીલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

બિડાણ:- સાયકલ મળ્યા બદલની પ6હોચનો નમૂનો

પ્રતિ,

આચાર્યશ્રી,

.................................................................................................,

તા. ..............................., જિ. સુરત તરફ કાર્યવાહી કરવા અને શાળાના નોટીસ બોર્ડ પર મુકવા સારૂ.

નકલ સવિનય જાણ સારૂ રવાના:

૧. માનનીય નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર

૨. માનનીય કલેક્ટરશ્રી, સુરત, જિલ્લા સેવા સદન - સુરત

3. માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત, જિલ્લા પંચાયત ભવન સુરત

નકલ સવિનય જાણ તથા આપના નિયંત્રણ હેઠળની શાળા/સંસ્થાઓને જરૂરી સૂચના આપવા સારૂ રવાના:
માનનીય જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જીલ્લા સેવા સદન, સુરત તરફ શાળાઓને સુચના આપવા સારૂ તેમજ વેબસાઇટ પર મુકવા સારૂ.

28 JUL 2022

નં. MSC/વશી. ૨૩૮૬/૨૨
બી/૪, જિલ્લા સેવાસદન-૨, વહિવટ શાખા,
કલેકટર કચેરી, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧
તા. ૦૬-૦૮-૨૨

નકલ જયભારતસહ રવાના:- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

૨/- જાણ તથા કાર્યવાહી સારૂ.

કલેકટર સુરત વતી.